અલથાણ કોમ્યુનિટી હોલ ખાતે સુરત શહેર કોકણી સમાજ વિકાસ મંડળ સુરતના ૧૪મો સ્નેહ-મિલન સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

કોકણી સમાજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં લૂપ્ત થતી સંસ્કૃતિ એવી 'માદળ' નૃત્ય અને ડાંગમાં 'દેરા-વાદ્ય'ને પ્રાધાન્ય આપી વાજીત્રો તેમજ રીત-રીવાજ કાર્યક્રમમાં જોવા મળી હતી

સુરતઃ સુરત શહેર કોકણી સમાજ વિકાસ મંડળ સુરતના ૧૪મો સ્નેહ-મિલન સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સાધારણસભા અલથાણ કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે તા. ૧૦-૧૨-૨૦૨૩ના રોજ મંડળના ઉપપ્રમુખ ડો.એમ.એન.ગાયકવાડના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.મંડળના સ્નેહ-મિલન સાંસ્કૃતિક કાર્યક્રમમાં આદિવાસી પ્રકૃતિપૂજા, ધરતીવંદના તેમજ પરંપરાગત કોકણીની ઓળખ 'ફડકી' સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો ધ્વારા પ્રકૃતિપૂજામાં ઉપસ્થિત મહેમાનો જોડાયા હતા. કોકણી સમાજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં લૂપ્ત થતી સંસ્કૃતિ એવી 'માદળ' નૃત્ય અને ડાંગમાં 'દેરા-વાદ્ય' ને પ્રાધાન્ય આપી વાજીત્રો તેમજ રીત-રીવાજ કાર્યક્રમમાં જોવા મળી હતી. ઉપરોકત કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના સમાજના સંગઠનો વાંસદા, ચીખલી, ધરમપુર, ખેરગામ, નવસારી, વલસાડ, કપરાડા તેમજ વ્યારા સોનગઢ સાથે ડાંગના વધઇ આહવા થી પ્રમુખ-મંત્રીઓની અને સમાજના અગ્રણીઓ બહેનોની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ તેમને સંગઠનમાં વખતો-વખત સામાજીક અને આર્થિક સહયોગ રૂપી સુરત મંડળને આપવા બદલ 'સન્માન પત્ર' ધ્વારા દરેક સંગઠન મંડળને સન્માનિત

કરવામાં આવેલ. જેમાં તમામ સંગઠનોએ હાજરી આપવામાં આવેલ. સુરત શહેર કોકણી સમાજ ધ્વારા આ સ્નેહ-લિન કાર્યક્રમમાં મહારાષ્ટ્રથી ખાસ ઉપસ્થિત ડો.પદમાકર સહારે આંબેડકર યુનિવસીટી ઓરંગાબાદ ધ્વારા કોકણી, કુકણા, કુનબી સમાજનો ઈતિહાસ વિષે વિગતવાર માહિતી આપી હતી. જેમાં કોકણી લોકો ગોવાથી સ્થળાંતરિત થઇ રત્નાગીરી, ગંભીરગઢ થઇ થાણે, નાશિક, ધૂલે, નદુરબાર થઇ દક્ષિણ ગુજરાતના વ્યારા, વાંસદા, ધરમપુર વિસ્તારોમાં હાલમાં વસવાટ કરે છે.

તેની સચોટ માહિતી પુરાવા સાથે આપી હતી. સમાજના સંગઠનમાં વિવિધ શૈક્ષિણક પ્રવૃતિ તેમજ સામાજીક સાહિત્ય માટે કુકણા ભાષાનો લોકવાર્તા, રામાયણ કથા તેમજ આદિવાસી સંસ્કૃતિ વિશે લખનાર સાહિત્યકાર શ્રી ડાહયાભાઇ વાઢ ધ્વારા નવી પેઢીને સાહિત્ય વિશે લખવા પ્રેરણાસ્ત્રોત માહિતી આપી હતી. વાંસદાના પ્રમુખ બાબુભાઇ ગાંગુડે ધ્વારા સમાજમાં આદિવાસી સંસ્કૃતિ, રીત-રીવાજ, દેવી-દેવતા તેમજ તહેવારોની સમજ તેમજ સંગઠનની રચના સમસ્યા અને સમાધાન વિશે શ્રી નાનુભાઇ કે. પટેલ પ્રમુખશ્રી વલસાડ ધ્વારા આપવામાં આવેલ જે રસપ્રદ માહિતી સમાજના સભ્યોને આપી હતી. સુરત શહેર કોકણી સમાજ ધ્વારા સંસ્કૃતિ મુજબ કાહળી નૃત્ય, તારપા નૃત્ય અને ડાંગી નૃત્ય સાથે સ્નેહ-મિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ અલથાણ, સુરત ખાતે મંડળના મંત્રીશ્રી જયંતિભાઇ બી.પવાર, ખજાનચીશ્રી કાંતિભાઇ એફ. કુનબી, સહમંત્રીશ્રી ભરતભાઇ ભોયે અને આંતરિક અન્વેષક શ્રી જીવણભાઇ કોકણી સાથે મંડળના ઉપપ્રમુખ ડો.એમ.એન.ગાયકવાડ અને પ્રમુખ તરીકે વરણી થયેલા શ્રી એમ.બી.માહલા ધ્વારા સમાજ શિક્ષણમાં આગળ વધવા અને સમાજની સંસ્કૃતિ જાળવવા નવી પેઢીને જતન કરવા કાર્યક્રમમાં વિશેષ ભાર આપ્યો હતો.

એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ
(એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિ. સાથે ૪થી ડિસેમ્બર, 2023ના રોજ અમલ સાથે સમાઈ જવા દ્વારા વિલીનીકરણની રીતે એકીકરણની યોજના હેઠળ અગાઉની એલ&ટી ફાઈનાન્સ લિ.)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત દ્વારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **''જાહેર ઈ–હરાજી''** થકી **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ–ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (₹માં)	06.12.2023ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (₹માં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. મનોજભાઈ મગનભાઈ સોજિત્રા 2. નયનાબેન મનોજકુમાર સોજિત્રા 3. એબીસી ઓટો કેર	મિલકતનું સરનામુંઃ પ્લોટ નં. 24 (નવો મહેસૂલી સર્વે નં. 922), ક્ષેત્ર 58.74 ચો.મી. સાથે રસ્તો અને સીઓપીની જમીનમાં 11.26 ચો.મી. અવિભાજિત શેર, કુલ ક્ષેત્ર 70.00 ચો.મી., ''શીલાલેખ રેસીડેન્સી'' બ્લોક નં. 118, ક્ષેત્ર 15884 ચોમી, મોજે ઉતિયાદરા, અંકલેશ્વર, ભરૂચ, સુરત, ગુજરાત સીમા: પૂર્વઃ પ્લોટ નં. 23; પશ્ચિમઃ રસ્તો; ઉત્તરઃ પ્લોટ નં. 25; દક્ષિણઃ રસ્તો	SRTHL18002147 and SRTHL18002446	8મી ઓક્ટોબર, 2023	₹1,37,541.30	₹34,63,640.70	₹13,75,413	09.01.2024	15.01.2024ના રોજ સવારે 11.00 કલાક

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/ બિડરોએ **13/01/2024**ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં ''એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ''ને ત્રમાં મુંબઈ ખાતે **15.01.2024**ના રોજ 18.00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **16.01.2024**ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75 % ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **''નામ - પીયુષ પટેલ, સંપર્ક નં. 9925111077, એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ, ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ, ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098''** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ–હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/ રદ કરી શકે છે અથવા ઈ–હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8(6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 12.12.2023
સ્થળઃ સુરત

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ વતી

ડાંગ જિલ્લામા યોજાયેલ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'મા કેન્દ્ર અને રાજ્યના મહાનુભાવોએ યાત્રાની મુલાકાત લીધી

(ડાંગ માહિતી બ્યુરો): આહવાઃ તાઃ ૧૧ઃ કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની જાણકારી લોકો સુધી પહોંચી શકે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ગત તા.૧૫ મી નવેમ્બર ને 'જનજાતીય ગૌરવ દિવસથી, ઝારખંડના ખૂંટીથી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દેશના ખુણે ખુણે પહોચી લોકોને યોજનાકીય માહિતી પુરી પાડવાની સાથે, આગામી વર્ષ ૨૦૪૭ સુધીના વિકસિત ભારતમાં પોતાની ભાગીદારી સુનિષ્ટિત કરવાનું 'પ્રણ' પણ તમામ લોકો લઇ રહ્યા છે. ત્યારે ડાંગ જિલ્લાના દુર્ગમ અંતરિયાળ વિસ્તારમાં પહોંચેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો સંકલ્પ લેવા, પ્રજાજનોને પ્રોત્સાહિત કરવા, અને પ્રજા કલ્યાણની યોજનાઓની જાણકારી આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકરાના વિવિધ મહાનુભાવોએ પણ ડાંગના ડુંગરા ખેડયા હતા. દરમિયાન કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ રાજયમંત્રી શ્રી સોમ પ્રકાશ ધવલીદોડ અને સુબિર ખાતે યોજાયેલ યાત્રામા જોડાયા હતા. તેમજ પી.એમ ઓફિસના ડાયરેક્ટર શ્રીમતી એશ્વર્યા સિંઘ ચિચિંનાગાવઠા તેમજ ઉમરપાડા ગામની યાત્રામા સહભાગી થયા હતા. વલસાડ-ડાંગના સાંસદ સભ્ય શ્રી ડો.કે.સી પટેલ ધવલીદોડ અને સુબિર ખાતે યાત્રામા જોડાયા હતા. તો વિધાનસભાના નાયબ દંડક તેમજ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલ વઘઇ, ચિચિંનાગાવઠા, આહવા, ઘોંઘલી, વાંગણ, હનવતચોંન્ડ, ચિકટીયા, દિવાનટેમ્બ્રુન, ગાઠવી, નાનાપાડા, નડગચોંન્ડ, ધવલીદોડ, સુબિર, ડોન, વાહુટીયા, બીજુરપાડા, જુનેર, ગારખડી, શિંગાણા, ગાંવદહાડ ગામની યાત્રામા જોડાયા હતા. ઉપરાંત ગણદેવી-ચીખલીના ધારાસભ્ય અને પૂર્વમંત્રી શ્રી નરેશભાઇ પટેલ શિવારીમાળ ગામની યાત્રામા જોડાયા હતા. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગરીબ, વંચિત, યુવાન, મહિલાઓ અને ખેડુતો માટે હંમેશા ચિંતિત છે. અને ભારત સરકારે સૌના કલ્યાણનો સંકલ્પ વ્યકત કર્યો છે. ત્યારે ઘર આંગણે આવેલી યાત્રાનો લાભ લેવા સાથે જ સૌને વિકસિત ભારતનો સંકલ્પ લેવા સૌ મહાનુભાવોએ લોકોને અનુરોધ કર્યો હતો. ડાંગ જિલ્લામા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ જિલ્લાની તમામ ૧૦૦ ગ્રામ પંચાયતો ફરીને વિવિધ લોક લાભાલ્વિરત કર્યા હતા.

ફોર્મ બી
જાહેર નોટીસ
{નાદારી અને નાદારી બોર્ડ ઓફ ઇન્ડિયાના નિયમન હેઠળ ૨૨ (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારીની રિઝોલ્યુશન પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ }

વિંધ્યવાસિની સ્ટીલ પ્રોડક્ટસ પ્રાઇવેટ લિમિટેડના સ્ટેકહોલ્ડર્સ ધ્યાન લેવામાં આવે છે કે

ક.નં.	વિભાગો	માહિતી
1.	કોર્પોરેટ દેવાદારનું નામ	વિંધ્યવાસિની સ્ટીલ પ્રોડક્ટસ પ્રાઇવેટ લિમિટેડ
2.	કોર્પોરેટ દેવાદારની સમાવિષ્ટની તારીખ	**29.09.2011**
3.	અધિકૃત કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદારના સમાવેશ થાય છે/ નોંધાયેલ છે	આરઓસી મુંબઇ
4.	કોર્પોરેટ ઓળખ નંબર / મર્યાદિત જવાબદારી કોર્પોરેટ દેવાદારની ઓળખ નંબર.	U27310MH2011PTC222526
5.	ઓફિસનું સરનામું અને કોર્પોરેટ દેવાદારનું મુખ્ય ઓફીસ (જો કોઈ હોય તો). ઓફીસ	ફ્લેટ નં. ૧૦૧, ઓજી-૩, ઓબેરોય ગાર્ડન, ઠાકુર ગામ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, કાંદીવલી (પુર્વ), મુંબઇ સીટી, મહારાષ્ટ્ર-૪૦૦૧૦૧
6.	કોર્પોરેટ દેવાદારના સંદર્ભમાં નાદારીની શરૂઆત તારીખ	**17.10.2023**
7.	નાદારીની રીઝોલ્યુશન પ્રક્રિયાને બંધ કરવાની અનુમાનિત તારીખ	ઓર્ડરની તારીખ : ૧૭.૧૦.૨૦૨૩ (એનસીએલટી મુજબ ઓર્ડર તારીખ : ૧૭.૧૦.૨૦૨૩ કંપની પીટીશન નં. આઇબી-૩૦૭૩ (એમબી)/૨૦૧૯ અધિકૃત ઇન્ટીમેશન તારીખ : ૦૭.૧૨.૨૦૨૩ (રીસીવ કરેલ કોપી ઓર્ડર અધિકૃત અધિકારી દ્વારા ૦૭.૧૨.૨૦૨૩ ઇ-મેલ દ્વારા)
8.	નાદારી પ્રોફેશનલનું નામ અને નોંધણી નંબર ઇન્ટરિમ રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે બતાવવામાં આવેલ છે.	શ્રી. રાજેશ રમેશ કામથ **રજીસ્ટ્રેશન નંબર :** IBBI/IPA-001/IP-P-01606/2019-2020/12481
9.	બોર્ડ સાથે રજિસ્ટર્ડ તરીકે, ઇન્ટરિમ રીઝોલ્યુશન પ્રોફેશનલનું સરનામું અને ઈ-મેલ	સરનામું : ૩૦૧ એ વિંગ ગ્રીન ગગન જીક લોખંડવાલા, આર્કુલી રોડ કાંદીવલી પુર્વ, મુંબઇ સબઅર્બન, મહારાષ્ટ્ર-૪૦૦૦૧૦૧ **Reg. Email Id - iprrkamath@gmail.com**
10.	ઇન્ટરિમ રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથે પત્ર વ્યવહાર માટે સરનામું અને ઈ-મેલનો ઉપયોગ કરવો	સરનામું : સી/ઓ રીસુરગેન્ટ રીઝોલ્યુશન પ્રોફેશનલ એલએલપી (આઇપીઇ) ૯૦૫, ૯મો માળ, ટાવર સી, ધ કલોઝ સાઉથ સેક્ટર ૫૦,ગુરૂગ્રામ હરિયાણા - ૧૨૨૦૧૮ **Email Id (Process specific)** cirp.vvspl@gmail.com
11.	દાવાઓની રજૂઆત માટે છેલ્લી તારીખ	06.01.2024

આથી સુચના આપવામાં આવે છે કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ મુંબઇ શાખા - IV એ કોડની કલમ 33 હેઠળ વિક્વિડેશનનો ઓર્ડર પસાર કર્યા પછી **૧૭.૧૦.૨૦૨૩** ના રોજ **વિંધ્યવાસિની સ્ટીલ પ્રોડેક્ટસ પ્રાઇવેટ લિમિટેડ**ને ફડચા શરૂ કરવાનો આદેશ આપ્યો છે, જો કે અથવા તેની નકલ ફડચા દ્વારા **૦૭.૧૨.૨૦૨૩** ના રોજ માનનીય એનસીએલટી દ્વારા ઇમેલ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી હતી.
વિંધ્યવાસિની સ્ટીલ પ્રોડક્ટસ પ્રાઇવેટ લિમિટેડના હિસ્સેદારોને આથી આઇટમ નંબર ૧૦ સામે ઉલ્લેખિત સરનામે ફડચાને **૦૬.૦૧.૨૦૨૪** ના રોજ અથવા તે પહેલા પુરાવા સાથે તેમના દાવા સબમિટ કરવા માટે આવાહન કરવામાં આવે છે
નાણાંકીય લેણદારો માત્ર ઇલેક્ટ્રોનિક માધ્યમથી જ પુરાવા સાથે તેમના દાવા સબમિટ કરશે. અન્ય તમામ લેણદારો તેમના સંબંધિત ફોર્મમાં રૂબરૂ પોસ્ટ દ્વારા અથવા ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા પુરાવા સાથે દાવા સબમિટ કરી શકે છે. લાગુ પડતા ફોર્મ માટે, કૃપા કરીને iIV ની વેબસાઇટ //www.ibbi.gov.in/home/downloads પર જુઓ
દાવાઓના ખોટા અથવા ભ્રમક પુરાવા સબમિટ કરવા પર દંડ લાગશે.
સહી/-
રાજેશ રમેશ કામથ
અધિકૃત
વિંધ્યવાસિની સ્ટીલ પ્રોડેક્ટસ પ્રાઇવેટ લિમિટેડ
રજીસ્ટર્ડ નં. : IBBI /IPA-001 /IP -P-01606/2019-2020/12481
AFA Number : AA1/12481/02/060624/105799 AFA Valid Upto: 06.06.2024
તારીખ : ૧૨.૧૨.૨૦૨૩
સ્થળ : નવી દિલ્હી

નામ બદલેલ છે.
હું **હેમંતભાઈ ભગવતસિંહ પટેલ** મારા પુત્રનું નામ **શિવ હેમંતભાઈ પટેલ** થી બદલી **શિવકુમાર હેમંતભાઈ પટેલ** કર્યું છે હવેથી તે નવા નામથી ઓળખાશે જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ૧૫, કૈલાશધામ સોસાયટી, શ્રીધર સોસાયટી પાસે, જહાંગીરપુરા, સુરત, ગુજરાત –૩૯૫૦૦૫.

નામ બદલેલ છે.
મેં મારા સગીર પુત્રનું નામ બદલેલ છે. જુનું નામ **સ્યાન સરફરાઝ મોરીસવાલા** હતું જે બદલીને નવું નામ **મુહમ્મદશયાન સરફરાઝ મોરીસવાલા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
પિતાની સહિ.: સરફરાઝ અબ્દુલવહાબ મોરીસવાલા
સરનામું : ઘર.નં-૨/૩૩૯૭/૯૮, કોમન પેસેજ, બકરા શેરી, આલીશાન કોમ્પલેક્ષ પાસે, સગરામપુરા, સુરત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **નાઝનીન સરફરાઝ મોરીસવાલા** હતું જે નામ બદલીને નવું નામ **નાઝનીનબાનું સરફરાઝ મોરીસવાલા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: નાઝનીનબાનું સરફરાઝ મોરીસવાલા
સરનામું : ઘર.નં-૨/૩૩૯૭/૯૮, કોમન પેસેજ, બકરા શેરી, આલીશાન કોમ્પલેક્ષ પાસે, સગરામપુરા, સુરત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **કલ્લાવતીબેન કાંતિલાલ સુરતી** હતું જે નામ બદલીને નવું નામ **કલાવતી કાંતિલાલ સુરતી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: કલાવતી કાંતિલાલ સુરતી
સરનામું : એમઆઈજી, બી-૧, ૧૦૦૪, કિમ બિલ્ડિંગ, તિથલ રોડ, ભાગડાવડા, વલસાડ- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **ભાવિકા કિનેશકુમાર પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **ભાવિકા કિનેશ પટેલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: ભાવિકા કિનેશ પટેલ
સરનામું : જશોદા, એલ-રોડ, પાલીહિલ-૩, તિથલ રોડ, વલસાડ- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **કિનેશકુમાર મનહરલાલ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **કિનેશ મનહરલાલ પટેલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: કિનેશ મનહરલાલ પટેલ
સરનામું : જશોદા, એલ-રોડ, પાલીહિલ-૩, તિથલ રોડ, વલસાડ- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **શક્તિસિંહ શાવંતસિંહ ચુંડાવત** હતું જે નામ બદલીને નવું નામ **શક્તિસિંહ સામંતસિંહ ચુંડાવત** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: શક્તિસિંહ સામંતસિંહ ચુંડાવત
સરનામું : પ્લોટ નં-૪, છીરી બસ સ્ટોપ, કંચન નગર, છીરી પુલની બાજુમાં, છીરી, વાપી, વલસાડ- ૩૯૬૧૯૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **દિવ્યેશકુમાર સુરેશભાઈ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **દિવ્યેશકુમાર સુરેશચંદ્ર પટેલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: દિવ્યેશકુમાર સુરેશચંદ્ર પટેલ
સરનામું : ૨/૪૭૮, બાવન ફળિયા, મોટી ચણવઈ, વલસાડ- ૩૯૬૦૨૦

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **સમીના પીરજાદા સિંધી** હતું જે નામ બદલીને નવું નામ **સમીનાબાનુ પીરજાદા સિંધી** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: સમીનાબાનુ પીરજાદા સિંધી
સરનામું : સીરાજ બેકરીની બાજુમા, મિશન કોલોની, વલસાડ- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **જીનેશ નિતીનભાઈ શેઠીયા** હતું જે નામ બદલીને નવું નામ **જીનેશ નિતિન શેઠીયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: જીનેશ નિતિન શેઠીયા
સરનામું : ૨૦૧, રિધ્ધિશ એપાર્ટમેન્ટ, તિથલ રોડ, ડ્રીમલેન્ડ થિયેટર સામે, વલસાડ, ગુજરાત- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **જ્યોત્સનાબહેન જયંતિભાઈ ચૌહાણ** હતું જે નામ બદલીને નવું નામ **જ્યોત્સનાબેન જયંતિભાઈ ચૌહાણ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: જ્યોત્સનાબેન જયંતિભાઈ ચૌહાણ
સરનામું : પ્લોટ નં-૩, અમરનાથ પાર્ક, સિવિલ રોડ, નાનકવાડા, વલસાડ- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **તુષાર સક્ષેના** હતું જે નામ બદલીને નવું નામ **આયુષ સક્ષેના** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: આયુષ સક્ષેના
સરનામું : કે-૫૦૩, વૈષ્ણોદેવી ટાઉનશીપ, બી.આર. પાર્ક પાસે, સુભાષ ગાર્ડન પાછળ, વણકલા, સુરત- ૩૯૫૦૦૫

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **મોહમ્મદ અઝીમ અબ્દુલ હકીન** હતું જે નામ બદલીને નવું નામ **અઝીમ ખાન અબ્દુલ હકીમ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: અઝીમ ખાન અબ્દુલ હકીમ
સરનામું : આર. નંબર- ૦૫, મુસ્તફભાઈ કી ચાલ, સાજન કરિયાણાની દુકાન, રામજાનવાડી, ચરવાડા, વાપી, પારડી, વલસાડ, ગુજરાત- ૩૯૬૧૯૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **પંચાલ સીમાબેન કમલેશકુમાર** હતું જે નામ બદલીને નવું નામ **પંચાલ સીમા કમલેશ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: પંચાલ સીમા કમલેશ
સરનામું : ૫, સીટી પોઈન્ટ સોસાયટી, આશાપુરી મંદિર પાસે, વિજલપોર, નવસારી- ૩૯૬૪૪૫

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **પંચાલ મિતાલી કમલેશકુમાર** હતું જે નામ બદલીને નવું નામ **પંચાલ મિતાલી કમલેશ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: પંચાલ મિતાલી કમલેશ
સરનામું : ૫, સીટી પોઈન્ટ સોસાયટી, આશાપુરી મંદિર પાસે, વિજલપોર, નવસારી- ૩૯૬૪૪૫

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **મનીષા પરેશકુમાર ગોલ** હતું જે નામ બદલીને નવું નામ **મનીષાબેન પરેશભાઈ ગોલ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: મનીષાબેન પરેશભાઈ ગોલ
સરનામું : સી-૫/૫૦૨, શિવધારા રેસીડેન્સી